Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૮ મુ. આત્મ સંવત ૨૦૦૭.

સં. ૫૫

અંક ૯ મો. તા. ૧૫-૪-૫૧ ચૈત્ર.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૭-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી આદિનાથ જિન સ્તવન ... ... ... ( લે. આ૦ લબ્ધિસૂરિજી મ૦ ) ૧૪૭
૨ શ્રી અંતરિક્ષજી પાર્શ્વનાથ તીર્થ માટે એક મહત્ત્વનો લેખ ( લે. મુનિરાજશ્રી જમ્બૂવિજયજી ) ૧૪૮
૩ પંચમ શ્રી સુજાતસ્વામી જિન સાર્થ સ્તવન ( લે. ડૉકટર વલ્લભદાસ નેણશીભાઇ ) ૧૫૦
૪ દંડગ ... ... ... ... ... ... ( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ ) ૧૫૪
૫ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ( સભા ) ૧૫૫


### આ માસમાં થયેલ માનવંતા લાઇફ મેમ્બરો.

૧ સરવૈયા ખીમચંદભાઇ મોતીચંદ પેટ્રન
૨ શાહ ખીમચંદ પરશોતમદાસ પ્ર. ત. લા. મે.
૩ શાહ પોપટલાલ ગોરધનદાસ પ્ર. વ. લા. મે.
૪ શાહ નગીનચંદ હરખચંદ ,,
૫ શાહ વાડીલાલ મગનલાલ ,,

## ભેટ મળશે

વાંબોરી જૈન સંઘ તરફથી માત્ર સાધુ-સાધ્વીઓને ૧૦૦ આચારાંગસૂત્ર ભેટ આપવાના છે. જેઓને મળેલ ન હોય તેઓએ નીચેના શીરનામે કાગળ મોકલી મંગાવવા વ્યવસ્થા કરવી.

શીરનામું
**વિજયકુમાર ચુનીલાલ કુલપગર**
C/o માંઢરે આણી કુંપની, ૧૩૬૦ ભવાની પેઠ
પુનાસીટી નં. ૨

---

### જલદી મંગાવો. ઘણી થોડી નકલો સીલિકે રહે તેમ છે.

### કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વોમાં સુમારે પચાશે ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. પ્રથમ ભાગની બુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.

---


**સમાચાર**—તા. ૧૭-૪-૧૯૫૧ ના રોજ સાહિત્ય અને રાષ્ટ્રીય સેવક ભાઇશ્રી **મોતીચંદ ગિરધરલાલ** કાપડીયાના થયેલ સ્વર્ગવાસ નિમિત્તે શોક પ્રદર્શિત કરવા શ્રી જૈન આત્માનંદ સભાની જનરલ મીટીંગ મળી શોક પ્રદર્શિત કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—

475



સરવૈયા ખીમચંદ મોતીચંદ ( થોરડીવાળા )
મુંબઈ.

મહોદય પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સરવૈયા ખીમચંદ મોતીચંદ થોરડીવાળાનું જીવન ચરિત્ર.

સૌરાષ્ટ્રના ગોઘા જીલ્લાના થોરડી ગામમાં સં. ૧૯૫૩ ના ફાગણ શુદ ૧૩ ના રોજ પિતાશ્રી સરવૈયા મોતીચંદ નારણદાસ અને માતુશ્રી મણીબ્હેનને ત્યાં શેઠશ્રી ખીમચંદભાઇનો જન્મ થયો હતો. થોરડી જેવા નાના ગામમાં જન્મ થવા છતાં સામાન્ય કેળવણી ત્યાં લઇ છેલ્લા બે વર્ષ પહેલાં મુંબઇમાં જઈ બાબુ પન્નાલાલ પુનમચંદ હાઇસ્કુલમાં અંગ્રેજી અભ્યાસ કરી પંદરમે વર્ષે સામાન્ય વ્યાપારી અનુભવ સરવીશદ્વારા લેવો શરૂ કર્યો. અને નિરભિમાન અને પ્રમાણિક રીતે પોતાનો ધંધો ચલાવવો તેજ ધ્યેય રાખ્યું હતું.

ચોથે વર્ષે પિતાશ્રીનો અને ચોવીશમે વર્ષે માતુશ્રીનો વિયોગ થયો ત્યાં સુધી સ્થાનકવાસી જૈન ધર્મ પાળતા હતા અને શેઠ ખીમચંદભાઇનું ધંધાર્થે ગોઘા રહેવાનું થતાં સારા સ્નેહીઓના સંબંધથી અવારનવાર જિન મંદિર જવા લાગ્યા, તેથી શ્રી શ્વેતાંબર મૂર્ત્તિ પૂજક જૈન ધર્મ સ્વીકાર્યો અને પછી શ્રદ્ધાપૂર્વક ધર્મ ક્રિયા કરવા લાગ્યા કે જે સંસ્કાર લઘુવયમાંથી જ સાંપડ્યા હતા. પર્યુષણ મહા પર્વમાં છઠ્ઠ, અઠ્ઠમ, ચોસઠ પહોરી પૌષધ વગેરે તપવડે આત્મકલ્યાણ પણ સાધે છે. ગીરનાર, શત્રુંજય, આબુજી, રાણકપુર, વરકાણા, કેશરીયાજી, અંતરિક્ષજી, સમેત્તશિખરજી, પાવાપુરી વગેરે પૂર્વ અને ઉત્તર મધ્ય હિંદ અને સૌરાષ્ટ્ર ગુજરાત વગેરે સ્થળોમાં આવેલા પવિત્ર તીર્થોની યાત્રા કરી જન્મનું સાર્થક કરેલ છે.

ચત્રભુજભાઈ, રાયચંદભાઈ, અમરચંદભાઈ, મોહનલાલભાઈ, ખીમચંદભાઈ, ( પોતે ) એ પાંચ બંધુઓ અને ઉજમબ્હેન, સુંદરબ્હેન, એ સર્વે મિલનસાર, અને અરસપરસ માયાળુપણે કુટુંબમાં વર્તે છે. બંધુ રાયચંદના સ્વર્ગવાસ પછી તેના ચાર પુત્રોને સારી કેળવણી આપી સં. ૧૯૯૧ ની સાલમાં પોતાની માલેકીની પેઢીની સ્થાપના કરી ચંદુલાલ એન્ડ કું. લાખવાળાના નામથી વહીવટ ચલાવે છે. પોતાના ધર્મપત્ની ચતુરલક્ષ્મી, પુત્રો ચંદુલાલ, ચંદ્રકાન્ત, સેવંતી, પુત્રી લીલાવંતી, મધુકાંતા આ સર્વ સ્વકુટુંબ સર્વ પુણ્યયોગે આદર્શ જીવન જીવે છે. આ રીતે સામાન્ય સ્થિતિમાંથી પુણ્યયોગે વ્યાપારની વૃદ્ધિ થતાં લક્ષ્મી પ્રાપ્ત થતાં યથાશક્તિ શ્રદ્ધાપૂર્વક ધર્મસાધના સાથે સખાવતો કર્યે જાય છે.

આવા એક શ્રદ્ધાળુ વ્યાપાર નિષ્ણાત, ધર્મ બંધુ આ સભાના માનવંતા પેટ્રન થવાથી અમારો આનંદ વ્યક્ત કરીયે છીયે, અને શેઠ ખીમચંદભાઇ દિર્ઘાયુ થઇ આધ્યાત્મિક, શારીરિક અને આર્થિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરી આત્મકલ્યાણ સાધે એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૭. | ચૈત્ર | પુસ્તક ૪૮ મું. |
| વિક્રમ સં. ૨૦૦૭. | :: તા. ૧૫ મી એપ્રીલ ૧૯૫૧ :: | અંક ૯ મો. |

## શ્રી આદિનાથ જિન સ્તવન.

( રાગ:-ભોલા નાથસે નીરાલા. )

આદિનાથકી યે સેવા, જિનરાજકી યે સેવા મોહે પાર કરો.
ઇસ ભવમેં તરાનેવાલા, જિનરાજ સહી,

ઉસકી વાણી દીલકો ખોલે, જો સુને સો નહિ જગ રૂલે;
સબ જીવકા પ્રતિપાલ, જિનરાજ સહી. ૧

મન વચન કાયાસે તું ભજ લે, ગુણ પ્રભુજી કે દીલમેં સજ લે;
એહીજ મુગતિ દીલાનેવાલે, જિનરાજ સહી. ૨

જિસને જનમ મરણ મિટાયા, હમકો સંજમમેં હૈ લિટાયા;
આતમ લબ્ધિ કે દાતા, જિનરાજ સહી. ૩

આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# શ્રી અંતરિક્ષપાર્શ્વનાથજીતીર્થ વિષે એક મહત્ત્વનો પ્રતિમાલેખ.

**શ્રી અંતરિક્ષપાર્શ્વનાથભગવાન**ના તીર્થસંબંધી ઐતિહાસિક માહિતી આ માસિકના જ અગાઉના અંકોમાં **श्री अन्तरिक्षपार्श्वनाथजी तीर्थ** આ શીર્ષક નીચેની લેખમાળા બની શકે તેટલાં સાધનોદ્વારા મેળવીને વિસ્તારથી હું જણાવી ચૂકયો છું, કે જેનાથી વાચકો સુપરિચિત છે. આ લેખમાં તેની જ પૂર્તિરૂપે શ્રીઅંતરિક્ષપાર્શ્વનાથતીર્થ સંબંધમાં મળી આવેલો એક મહત્ત્વનો ધાતુનાં પ્રતિમાજી ઉપર કોતરેલો લેખ આપવામાં આવે છે.

સં. ૨૦૦૬ માં અમારું આકોલામાં ચાતુર્માસ હતું. ત્યાંથી આ વર્ષે વિહાર કરી **બાલાપુર, શેગાંવ, ખામગાંવ, મલકાપુર** તથા **બુર્હાનપુર** થઇ અમારું અહીં **જલગાંવમાં** આવવું થયું. વચમાં **બુર્હાનપુર** કે જે આજથી ત્રણસો વર્ષ પૂર્વે જૈનોનું મોટું કેન્દ્ર હતું અને જ્યાં અઢાર જિનાલયો હતાં ત્યાં આજે વસ્તી ઘટી જવાથી બધાંને ભેગાં કરીને એક ભવ્ય **જિનમંદિર** બાંધવામાં આવ્યું છે. ત્યાંના બધા પાષાણ તથા ધાતુના પ્રતિમાજી ઉપરના લેખો નોંધ્યા કે જે ઐતિહાસિક દૃષ્ટિએ ઘણા ઉપયોગી છે. તે જ પ્રમાણે અહીં આવીને પણ અહીંના પાષાણના શ્રી **વાસુપૂજ્ય**સ્વામીના ભવ્ય જિનાલયમાંની મૂર્તિઓ ઉપરના લેખો નોંધતાં શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ**ભગવાનની પ્રતિમાના ઉલ્લેખવાળો એક મહત્ત્વનો લેખ એક ધાતુનાં પ્રતિમાજી ઉપર મળી આવ્યો અને મારા આનંદનો પાર ન રહ્યો. એ લેખ નીચે મુજબ છેઃ—

**संवत् १७०५ वर्षे फागुणवदि ६ बुधे श्रीअवरंगाबादज्ञातीयवास्तव्यप्राग्वाटज्ञातीयदृग्र ?)-शाखायां सा० अमीचंदभार्या बाई इंद्राणिनाम्न्या स्वकुट(टुं)बश्रेयसे स्वकारितप्रतिष्ठायां श्री-वासुपूज्यजिनबिम्बं कारितं प्रतिष्ठितं च तपागच्छाधिराजश्रीविजयसेनसूरीश्वरपट्टालंकार-भट्टारकश्रीश्रीश्रीविजयदेवसूरिभिः श्रीअंतरिक्षपार्श्वनाथप्रतिमालंकृतश्रीसिरपुरनगरे ॥ शुभं भवतु ॥ श्री ॥**

ભાવાર્થ—"વિક્રમ સંવત ૧૭૦૫ ના ફાગણ વદિ ૬ ને બુધવારે **ઔરંગાબાદ**ના વતની પોરવાડજ્ઞાતિના **દૃગ્ર (?)** શાખાના **અમીચંદ**ની પત્ની **ઇંદ્રાણી** નામની બાઇએ પોતાના કુટુંબના કલ્યાણને માટે પોતે કરાવેલી પ્રતિષ્ઠામાં શ્રી**વાસુપૂજ્ય**ભગવાનનું બિંબ કરાવ્યું અને તપાગચ્છાધિરાજશ્રીવિજય**સેનસૂરીશ્વર**જી મહારાજના પટ્ટાલંકાર શ્રી વિજય**દેવસૂરિ**એ શ્રી**અંતરિક્ષપાર્શ્વનાથ**ભગવાનનાં પ્રતિમાથી અલંકૃત **સિરપુર**નગરમાં તેની પ્રતિષ્ઠા કરી."

ઉપરના લેખમાં એમ જણાવ્યું છે કે સં. ૧૭૦૫માં ઔરંગાબાદના વતની અમીચંદ નામના શ્રાવકની પત્ની ઇંદ્રાણી નામની શ્રાવિકાએ શ્રીવિજયદેવસૂરિજીમહારાજને હાથે અંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિક્ષપાર્શ્વનાથભગવાનનાં તીર્થમાં એ ધાતુનાં પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આથી એ વાત સિદ્ધ થાય છે કે આજથી ત્રણસો વર્ષ પૂર્વે શ્વેતાંબરોનો જ ત્યાં અધિકાર હતો. ઔરંગાબાદમાં તે વખતે જૈનોની ઘણી મોટી વસ્તી હતી. ત્યાં દેરાસરો પણ ઘણાં હતાં તેમજ ત્યાં અનેક મોટા મોટા આચાર્યાદિ મુનિરાજોનાં ચાતુર્માસ થતાં હતાં. અંતરિક્ષજી તીર્થથી ( શિરપુરથી ) ઔરંગાબાદ ૧૨૦ માઈલ જ દૂર છે. સંભવ છે કે શ્રીવિજયદેવસૂરીશ્વરજીમહારાજ ઔરંગાબાદથી અંતરિક્ષજી પધાર્યા હોય અને ત્યાં ઔરંગાબાદથી આવેલા શ્રાવકોએ તેમને હાથે પ્રતિષ્ઠા કરાવી હોય.*

આજે શ્વેતાંબર–દિગંબરોના અધિકારનો ઝગડો ઉપસ્થિત થયો ત્યારથી પ્રત્યેક વખતે શ્વેતાંબરો એકાદ મૂર્તિ પણ અંતરિક્ષજીના દેરાસરમાં પધરાવે તે સામે દિગંબરો સખ્ત વાંધો ઉઠાવતા આવ્યા છે. અને આજથી ચાલીશ વર્ષ પહેલાં પૂજ્યપાદશ્રી સાગરાનંદસૂરીશ્વરજીમહારાજ સંઘ લઈને ત્યાં પધાર્યા હતા ત્યારે ત્યાં સંઘ રોકાય તેટલા થોડા દિવસ પૂરતી જ સંઘમાં સાથે લાવેલ મૂર્તિને દેરાસરમાં પધરાવવા સામે પણ દિગંબરોએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો અને ઘણું મોટું તોફાન મચાવ્યું હતું અને છેવટે બધો તોફાની મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો; પણ ઉપરના લેખનાં લખાણથી સ્પષ્ટ જોઇ શકાય છે કે શ્વેતાંબરોનો એ તીર્થ ઉપર અબાધિત અધિકાર હતો અને ત્યાં બીજાં પ્રતિમાજી પણ ઇચ્છાનુસાર પધરાવવામાં આવતા હતા. આ દૃષ્ટિએ જોતાં આ લેખ **અંતરિક્ષજી**તીર્થના સંબંધમાં ઘણો મહત્ત્વનો અને ઉપયોગી છે.

**सं. २००७. फाल्गुन वद ८.**
**श्रीऋषभजिनजन्मदीक्षाकल्याणक.**
**मु. जळगांव (पूर्व खानदेश)**

**मुनिराजश्री भुवनविजयान्तेवासी**
**मुनि जम्बूविजय.**

---

* આ ધાતુનાં પ્રતિમાજી **શિરપુરથી** ( અંતરિક્ષજીથી ) અહીં **જલગાંવ**માં શી રીતે અને ક્યારે આવ્યા તે કંઇ કહી શકાતું નથી, કેમકે સામાન્ય રીતે ધાતુની મૂર્તિઓ "ચલ" હોવાથી એક સ્થાનેથી બીજે સ્થાને ગમે ત્યારે લઈ જવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# પંચમ શ્રી સુજાતસ્વામી જિનસ્તવન

## સ્પષ્ટાર્થ સાથે.

સં.—ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી.

**સ્વામી સુજાત સુહાયા,**
**દીઠાં આણંદ ઉપાયા રે, મનમોહના જિનરાયા,**
**જીણે પૂરણ તત્વ નિપાયા,**
**દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે,**
**મનમોહના જિનરાયા. સ્વામી ૧**
**પર્યાયાસ્તિક નય રાયા,**
**તે મૂલ સ્વભાવ સમાયા રે.**
**મનમોહના જિનરાયા,**
**જ્ઞાનાદિક સ્વ પરજાયા,**
**નિજ કાર્ય કરણ વરતાયા રે,**
**મનમોહના જિનરાયા. સ્વામી ૨**

**સ્પષ્ટાર્થ:**- હે સુજાતસ્વામી! સર્વે સ્વપર્યાયનું કારણ દ્રવ્ય છે પણ દ્રવ્યનું કારણ અન્ય દ્રવ્ય હોઇ શકે નહિ. તેથી આપ સ્વયંસિદ્ધ છો, સ્વયંબુદ્ધ છો, સર્વ પરદ્રવ્યની કામનાથી રહિત પરમ સંતુષ્ટ છો તથા અતીંદ્રિય, અવ્યાબાધ, અનુપમ, નિરુપચરિત, સ્વાધીન, અપૃથગ્ભૂત, અનંત, સહજ, આત્મસુખના નિરંતર ભોક્તા, અનુભવ લેનાર છો, સુખાત્મા છો; મારા ચિત્તને સુહંકર લાગ્યા છો. અનંત ગુણના નિધાન આપ સ્વજાતિનું દર્શન થતાં અપૂર્વ આનંદરૂપ જલવડે મારું ચિત્ત સરોવર ભરપૂર થયું; માટે હે જિનેશ્વર! જગતત્રયમાં આપ જ ભવ્ય જીવોના મનમોહન છો—અનાદિ કાલથી લાગેલા આત્મગુણરોધક જ્ઞાનાવરણાદિ કર્મમલને બાહ્ય અભ્યંતર તપવડે દૂર કરી પોતાના આત્મતત્ત્વની એવંભૂત નયે સિદ્ધિ કરી છે, અર્થાત્ સર્વે આત્મગુણો સંપૂર્ણ નિર્મલ તથા સ્વાધીન કરી લીધા છે માટે હવે કંઈ પણ કરવાનું આપને બાકી રહ્યું નથી. તેથી આપ નિષ્ક્રિય બિરુદને સંપૂર્ણ પ્રાપ્ત થયા છો, અનંતાનંદના સ્વામી થયા છો તથા આત્મધર્મને મલિન કરવાના તથા ભવભ્રમણના નિમિત્ત અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય અને યોગનો સર્વથા અભાવ કર્યો છે તેથી આપણો કોઈ પણ ગુણ પર્યાય, હવે કોઇ પણ કાલે રંચ માત્ર પણ મલિન થવાનો નથી તથા તેમજ તે સિદ્ધિ અવસ્થાથી આપ કોઇ પણ કાલે ચ્યુત થવાના નથી—દ્રવ્યાસ્તિક નયે આપ સદા અવસ્થિત રહી ચેતનતામાં સમાતા પોતાના શુદ્ધ અનંત પર્યાયનું રાજ્ય ભોગવો છો, જ્ઞાનાદિક સર્વ પર્યાયોને સ્વકાર્ય કરવામાં નિરંતર પ્રવર્તાવો છો અર્થાત જ્ઞાનગુણવડે અનંત દ્રવ્યના ત્રિકાલગુણવર્તી અનંતગુણ પર્યાયને સમકાલે પ્રત્યક્ષપણે જાણો છો, દર્શન ગુણવડે સર્વ દ્રવ્યોના અસ્તિત્વાદિ સામાન્ય સ્વભાવને સમકાલે દેખો છો, ચારિત્ર ગુણવડે સર્વ પરભાવથી નિવૃત્તપણે અનંત જ્ઞાનાદિક સ્વધર્મમાં નિરંતર રમણ કરો છો એ આપનું આત્મવીર્ય તે પણ જ્ઞાનાદિક અનંત સ્વધર્મ પરિણમાવવામાં વર્તે છે. એમ આપના સર્વે પર્યાયો પોતપોતાનું કાર્ય કરવામાં સ્વાધીનપણે વર્તાવો છો. વળી હે સર્વે નીતિમાનમાં શિરોમણિ! દ્રવ્યના યથાર્થ સ્વરૂપનો બોધ થવા માટે આપે દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક એ બે મુખ્ય નયો ઠરાવ્યા છે. તેમાં સર્વે નયનો સમાવેશ થઇ જાય છે. તે નયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાર્થ જ્ઞાનવડે વસ્તુનું સ્વરૂપ યથાર્થ સાક્ષાત્‌વત્ જણાય છે–ભાસે છે. (૧-૨)

**અંધા નય માર્ગ કહાયા,**
**તે વિકલ્પ ભાવ સુણાયા રે–મન૦**
**નય ચાર તે દ્રવ્ય થપાયા,**
**શબ્દાદિક ભાવ કહાયા રે–મન૦ ૩**

**સ્પષ્ટાર્થ:**–નય તે પદાર્થના જ્ઞાનને વિષે જ્ઞાનનો અંશ છે. વસ્તુ અનંત ધર્માત્મક છે અર્થાત્ જીવાદિક દરેક પદાર્થમાં અનંતા ધર્મ છે. તેમાંથી જે સ્વાભિષ્ટ એક ધર્મને મુખ્યતાએ ગવેષે છે, તેમાં રહેલા બીજા ધર્મ પ્રતિ ઉદાસીનતા રાખે છે તે નય છે. એમ દરેક નયો એક અંશને પ્રતિપાદન કરે છે તેથી તે વિકલ્પ વસ્તુના સ્વાભિષ્ટ માર્ગ છે; ને એકાંતે પોતાના અભિષ્ટ ધર્મને જ સ્થાપન કરે છે તેમાં રહેલા બીજા ધર્મોને તિરસ્કારે છે, ઓળવે છે, અપેક્ષા રાખતો નથી તે દુર્નય અથવા નયાભાસ છે. અને જે વસ્તુમાં રહેલા કોઇપણ ધર્મને તિરસ્કારતો નથી અર્થાત્ તેની અપેક્ષા રાખે છે એમ બતાવવાને સ્યાત્પદ યુક્ત અભિષ્ટ ધર્મનું પ્રતિપાદન કરે છે તે સુનય છે, સ્યાદ્વાદ છે, પ્રમાણ વાક્ય છે તે જ હે જિનેશ્વર! આપના પરમ આગમનું બીજ છે. જે સર્વે એકાંતવાદે રચેલા ઉન્મત્ત હાથીઓના મદને ભંજન કરવાને સિંહ સમાન છે. વસ્તુનું યથાર્થ સર્વાંગે સ્વરૂપ જાણવા દિવ્ય જ્ઞાનદ્રષ્ટિ છે–તે નયના વિસ્તારથી અનેક ભેદ છે. કારણ કે વસ્તુ અનંતધર્માત્મક છે. અને તે અનંત ધર્મનું નિરૂપણ કરવાને વચન માર્ગ પણ અનંત હોય, માટે જેટલાં વચન તેટલાં સર્વ નયવાદ કહેવાય, તો પણ તે સર્વે નયવાદોના સંગ્રહ કરનારા એવા સાત અભિપ્રાયની કલ્પનાના દ્વારે કરીને સાત નયો પ્રતિપાદન કરેલા છે. તેના નામ–નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત. તેમાંથી પ્રથમના ચાર નયો દ્રવ્યાર્થિક નયમાં, અને શબ્દાદિ ત્રણ નયો પર્યાયાર્થિકમાં સમાય છે. તે ત્રણ ભાવ નય છે. આદિના ચાર નય તે અવિશુદ્ધ છે અને શબ્દાદિક ત્રણ નય તે વિશુદ્ધ છે. (૩)

**દુર્નય તે સુનય ચલાયા,**
**એકત્વ અભેદે ધ્યાયા રે–મન૦**
**તે સવિ પરમાર્થે સમાયા,**
**તસુ વર્તન ભેદ ગમાયા રે–મનમોહન. ૪**

**સ્પષ્ટાર્થ:**–સ્વાભિષ્ટ ધર્મને ગવેષતાં બીજાં ધર્મોની અપેક્ષા નહિ રાખનાર, બીજાં ધર્મોને ઓળવનાર જે દુર્નયો તેને દૂર કરી સ્વાભિષ્ટ ધર્મથી ઇતર સર્વેધર્મોની અપેક્ષા રાખી, સ્થાનપદે શોભતા સુનય–અનેકાંતવાદની પ્રવૃત્તિ કરી, તે અનેકાંત–સ્યાદ્‌વાદનયે વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જાણી સર્વે ધર્મો વસ્તુથી એકત્વ તથા અભેદ અર્થાત્ કોઇ કાલે જુદા નહિ પડે એમ ચિત્તમાં ચિંતન કરી, ધારણા કરી. તે સર્વે નયોને પરમાર્થ એટલે શુદ્ધ દ્રવ્ય સ્વરૂપમાં સમાવ્યા, તજ્જન્ય એક શુદ્ધાત્મ અનુભૂતિને ભોગવવા લાગ્યા. નયોની વર્તનારૂપ વિકલ્પનો નાશ થયો. (૪)

કહ્યું છે કે—

**य एव मुक्त्वा नयपक्षपातं,**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यं ।**
**विकल्पजालच्युतशान्तचित्ता,–**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥**

**સ્યાદ્વાદી વસ્તુ કહીજે,**
**તસુ ધર્મ અનંત લહીજે રે; મન૦**
**સામાન્ય વિશેષનું ધામ,**
**તે દ્રવ્યાસ્તિક પરિણામ રે. મન મોહના. ૫**

**સ્પષ્ટાર્થ**–વસ્તુ અનંત ધર્માત્મક છે **અર્થાત્** અનંતા ધર્મો વસ્તુમાં સમકાલે હોય છે. જેમ સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયે વસ્તુ અસ્તિ સ્વભાવવંત છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરદ્રવ્યાદિ ચતુષ્ટયે વસ્તુ નાસ્તિ સ્વભાવવંત છે તેમજ નિત્ય, અનિત્ય, એક, અનેક, ભેદ–અભેદ, ભવ્ય–અભવ્ય, વક્તવ્ય–અવક્તવ્ય વિગેરે સ્વભાવવંત વસ્તુ હોય છે, માટે જો તેમાંથી સ્વાદિષ્ટ એક સ્વભાવને એકાંતે ગવેષીએ, નિશ્ચય કરીયે તો વસ્તુનું જ્ઞાન યથાર્થ થાય નહીં, પણ જો સ્યાત્ અસ્તિ, સ્યાત્ નિત્ય સ્થાન એક, વિગેરે અનેકાંતે ગવેષીએ તો બાકી રહેલા બીજા ધર્મોની પણ સૂચના થાય એમ સર્વે વસ્તુ સ્યાદ્વાદ અનંતધર્માત્મક છે, તેથી સ્યાદ્વાદ વડે વસ્તુમાં રહેલા અનંત ધર્મનો બોધ થાય.

વળી અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, પ્રમેયત્વ, સત્વ—એ છ મૂલ સામાન્ય તથા અસ્તિ, નાસ્તિ, નિત્ય–અનિત્ય, એક–અનેક, ભેદ–અભેદ, ભવ્ય–અભવ્ય, વક્તવ્ય–અવક્તવ્ય, પરમ સ્વભાવ વિગેરે ઉત્તર સામાન્ય સ્વભાવ વસ્તુમાં અનંતા છે. તથા જીવમાં ચેતનતા અનુયાયી, અનેક વિશેષ સ્વભાવ છે. તેમ ધર્માસ્તિકાયમાં ગતિસહાયાદિ, તથા અધર્માસ્તિકાયમાં સ્થિતિસહાય આદિ તથા આકાશમાં અવગાહના આદિ તથા પુદ્ગલમાં પૂરન, ગલન આદિ અનંત ધર્મો છે. તે અનંત સામાન્ય સ્વભાવ તથા વિશેષ સ્વભાવનો આધારભૂત જે અસ્તિત્વ ધર્મ તે સર્વે દ્રવ્યમાં સદાય સમકાલે પરિણમે છે. ( ૫ )

**જિનરૂપ અનંત ગણીજે,**
**તે દિવ્ય જ્ઞાન જાણીજે રે; મન૦**
**શ્રુતજ્ઞાને નય પથ લીજે,**
**અનુભવ આસ્વાદન કીજે રે. મનમોહન. ૬**

**સ્પષ્ટાર્થ:**—જિનેશ્વર નિર્મલ જ્ઞાનાનુયાયી, અનંત રમણીય, ગુણના સમૂહ, અનંત ધર્મે બિરાજમાન છે, અપ્રતિહત મહાન તેજસ્વી, અખંડ એક જ્ઞાનમૂર્તિ છે. ઇંદ્રિય વિષયથી અતીત છે, જ્ઞાનસ્વરૂપી, જ્ઞાનગમ્ય છે, તેથી તેમને રાગ–દ્વેષરૂપ મલિનતાથી રહિત માત્ર શુદ્ધ દિવ્ય જ્ઞાનવડે જાણી શકીએ; માટે જિનેશ્વર તે અનંતગુણાત્મક અર્થાત્ જિનેશ્વરના અનંત ગુણોને શુદ્ધ નયે જાણવું તેજ સુંદર અનુપમ જ્ઞાન છે. તે માટે અનંત ગુણાત્મક જિનેશ્વરને સમ્યક્પ્રકારે જાણવા માટે ભવ–સમુદ્રમાં નૌકા સમાન સર્વજ્ઞ વીતરાગ–પ્રરૂપિત શ્રુતજ્ઞાનના પ્રસાદથી સુનય–સ્યાદ્વાદ માર્ગ ગ્રહણ કરીએ અને શુદ્ધ નયે જાણી તત્સ્વરૂપતા અનુભવનો આનંદ પામીએ–ભોગવીએ. ( ૬ )

**પ્રભુ શક્તિ, વ્યક્તિ એક ભાવે,**
**ગુણ સર્વ રહ્યા સમભાવે રે; મન૦**
**માહરે સતા પ્રભુ સરખી,**
**જિનવચન પસાયે પરખી રે. મન૦ ૭**

**સ્પષ્ટાર્થ:**—હે ત્રિલોકય પૂજ્યપ્રભુ! આપની જ્ઞાન–દર્શન–સુખ–વીર્યાદિ સર્વ શક્તિઓ વ્યક્ત અર્થાત્ નિરાવરણ થઇ છે, અબાધિતપણે પોતાના શુદ્ધ કાર્યમાં પરિણમે છે, આગામી અનંતકાલ સુધી એમજ પરિણમવાને શક્તિમાન છે, કોઈ પણ કાલે ક્ષીણતા પામે તેમ નથી, કારણ કે દ્રવ્યમાં સામર્થ્ય પર્યાય તથા છતી પર્યાય અનંત છે માટે આપની શક્તિ, વ્યક્તિ એકભાવે છે. તથા આપ અમુક વર્તમાન સમયે સર્વે દ્રવ્યના ત્રિકાલવર્તી પર્યાયોને સમકાલે પ્રત્યક્ષપણે જાણો છો અર્થાત્ આ સમયે આવી રીતે પરિણમે છે, આવતે સમયે અમુક રીતે પરિણમશે, પછી બીજે સમયે અનાગતને વર્તમાનપણે જાણો છો અને વર્તમાન–પરિણતિને ભૂતપણે જાણો છો એમ ઉત્પાદ વ્યયને ભોગવો છો પણ આપની કોઇપણ શક્તિ હવે આવૃત નથી કે જે હવે પ્રગટ વ્યક્ત થાય, માટે સર્વે શક્તિ, વ્યક્તિ એક ભાવે છે તથા જ્ઞાનશુદ્ધ જ્ઞાનપણે, દર્શનશુદ્ધ દર્શનપણે એમ આપના સર્વે ગુણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ-દ્વેષ-મોહ વિગેરેથી રહિત સમભાવે પરિણમે છે, કારણ કે વિષય પરિણામના હેતુ અજ્ઞાન, મિથ્યાત્વ, કષાયનો આપે સમૂલો નાશ કર્યો છે. વળી જેમ આપ અચલ સિદ્ધ સ્વક્ષેત્રમાં વસી સ્વતંત્રપણે અનંત જ્ઞાન, દર્શન, અનંત સુખ, અનંત વીર્ય, અવ્યાબાધતા, અટલ અવગાહના, અગુરુલઘુત્વ, અમૂર્તિત્વ, અજરતા, અમરતા, નિર્ભયતા, નિરામયતા, નિરાકુલતા, નિરુંધતા, નિઃસ્પૃહતા, આદિ અનંત ગુણજન્ય આનંદ સમૂહના વિલાસી થયા છો તેમજ હું પણ સંગ્રહનયે આપ સમાન સત્તાધારી છું. જો આપની આજ્ઞાને મસ્તકે ચઢાવી તદનુસાર સમ્યક્ પરાક્રમ બજાવી, સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રને આદરું-સેવું તો આપ સદશ પરમાનંદ ભોગને નિઃસંદેહ પ્રાપ્ત થાઉં. (૭)

તું તો નિજ સંપત્તિનો ભોગી,
હું તો પરપરિણતિનો યોગી રે; મન૦
તિણે તુમ પ્રભુ માહરા સ્વામી,
હું સેવક તુજ ગુણગ્રામી રે. મન૦ ૮

**સ્પષ્ટાર્થ**:—હું અનાદિ કર્મ-શત્રુની જેલમાં પડેલો હોવાથી અનંત કાલ સુધી મારી જ્ઞાનાદિ અખૂટ લક્ષ્મીનું મને દર્શન પણ ન મળ્યું, તેથી જડ-ચલ જગત જીવની પેઠે જલના પરપોટા જેવી ક્ષણભંગુર, પરાધીન, ચાહદાહથી બાલનાર, મારાથી દૂરવર્તી થઈ અનેક પ્રકારના શોક, દુઃખ ઉપજાવનાર, તેના કાલ પ્રમાણે વર્તનાર, સદા અતૃપ્ત રાખનાર, જેનો ભોગ કિંપાકફલની પેઠે પ્રાણઘાતક એવી જે પુદ્ગલપરિણતિ ( પૌદ્ગલિક વિષયો ) તેમાં હું ભોગ-સુખ માની મગ્ન-તલ્લીન થઇ રહ્યો. મારી કર્તૃત્વ, ભોક્તૃત્વ, ગ્રાહકત્વ, વ્યાપકત્વ, દાન, લાભ, ભોગ, ઉપભોગ આદિ પરિણતિને તદ્ગત કરી, સંસાર-પરિપાટીને વધારી, મારી અનુપમ અખૂટ દાનાદિક સંપદાથી વિયોગી રહ્યો પણ હે ભગવંત ! આપ તો આત્મ સંપદાના ભોગમાં અંતરાય કરનાર કર્મ શત્રુનો સમ્યક્ ચારિત્રવડે સમૂલ નાશ કરી, અનંત દાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ આદિ સ્વસંપદાનો લાભ મેળવી, સ્વાધીન કરી નિરંતર નિષ્કંટકપણે જ્ઞાનાદિ અચલ અનંત નિરૂપચરિત અનુત્તર આત્મ સંપદાના ભોગમાં અત્યંત મગ્ન થયા છો તેથી હે પ્રભુ ! આપને જ મારા સ્વામી જાણું છું, આપથી જ મારો મનોરથ પૂર્ણ થશે, આપના જ દર્શનથી અખૂટ લક્ષ્મી, મારા ઉપર પ્રસન્ન થઇ મારે સ્વાધીન થશે માટે હું આપની સેવાને નિરંતર ચાહનાર આપનો સેવક આપના જ ગુણગ્રામમાં સંતોષવૃત્તિ ધારણ કરું છું. (૮)

એ સંબંધે ચિત સમવાય,
મુજ સિદ્ધિતું કારણ થાય રે—મન૦
જિનરાજની સેવના કરવી,
ધ્યેય ધ્યાન ધારણા ધરવી રે—મન૦ ૯

તું પૂરણ બ્રહ્મ અરૂપી,
તું જ્ઞાનાનંદ સ્વરૂપી—મન૦
ઇમ તત્વાલંબન કરીયે,
તો દેવચંદ્ર પદ વરિયે રે—મન૦ ૧૦

**સ્પષ્ટાર્થ**—આપની સેવામાં જો મારું ચિત્ત એકાગ્ર થાય, અભેદ સંબંધ ધારણ કરે તો તત્કાલ મારા ઉપાદાનમાં સિદ્ધિનું કારણપદ ઉત્પન્ન થાય; માટે મેં તો નિશ્ચય કર્યો છે કે-હે જિનેશ્વર ! અન્ય સકલ પરદ્રવ્યની સેવા તજી આપની જ સેવામાં નિરંતર વસવું, આપને શુદ્ધ ધ્યેય જાણી આપના જ ધ્યાનમાં નિશ્ચલ વૃત્તિ ધારણ કરવી, કારણ કે હે જિનેશ્વર ! કોઇ પણ દ્રવ્યની કામના આપમાં જણાતી નથી તથા પોતાના જ્ઞાનાદિ સર્વ પર્યાયોના આપ કારણ તથા જ્ઞાતા ભોક્તા હોવાથી આપ પૂરણ બ્રહ્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દંડગ ( દણ્ડક )

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

**અનેકાર્થી શબ્દ**—'દંડગ' એ પાઇય શબ્દ છે. આ શબ્દ ચાર ભિન્ન ભિન્ન અર્થમાં વપરાયો છે. (૧) 'કર્ણકુંડલ' નગરનો એક રાજા, (૨) દંડાકાર વાક્યપદ્ધતિ યાને એક જાતનો ગ્રંથાંશ, (૩) ભવનપતિ વગેરે ચોવીસ દંડક અને (૪) દક્ષિણ ભારતનું એક પ્રસિદ્ધ જંગલ. અહીં આ પૈકી ત્રીજો અર્થ વિશેષતઃ અભિપ્રેત છે. 'દંડગ'ને બદલે 'દંડય' શબ્દ પણ વપરાય છે,

**દંડગપયરણ**—ગજસાર મુનિએ રચેલું દંડગ-પયરણ (દંડક-પ્રકરણ) 'દંડક' એ નામથી જૈન જગત્માં જાણીતું છે. **જીવવિયાર (જીવવિચાર)** અને **નવતત્ત (નવતત્ત્વ)**નો અભ્યાસ કર્યા બાદ કેટલાક આ દંડકનો અભ્યાસ કરે છે. આમાં ૪૪ ગાથા છે. 'ખરતર' ગચ્છના જિનહંસ મુનીશ્વરના રાજ્યમાં ધવલચન્દ્રના શિષ્ય ગજસારે ચોવીસ જિનેશ્વરને વિજ્ઞપ્તિરૂપે આ કૃતિ રચી છે. એના ઉપર કર્તાએ જાતે વિ. સં. ૧૫૭૯માં પાટણમાં સંસ્કૃતમાં અવચૂરી રચી છે. વિશેષમાં આ દંડગપયરણ ઉપર ભાનુચન્દ્રગણિના પટ્ટાલંકાર ઉદયચન્દ્રસૂરિના શિષ્ય રૂપચન્દ્રે વિ. સં. ૧૬૭૫માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. મૂળ, ઉપર્યુક્ત અવચૂરિ અને આ વૃત્તિ તેમજ મૂળના શબ્દાર્થ અને વિસ્તરાર્થ તથા પદ્મવિજય-ગણિકૃત **ચોવીસ દંડકનું સ્તવન** અને ધર્મચન્દ્ર-કૃત આ જ નામનું સ્તવન એક જ પુસ્તકરૂપે માણેકલાલ મનસુખભાઇએ ઇ. સ. ૧૯૨૭માં છપાવ્યું છે. આ પુસ્તકના સંયોજક જૈનાચાર્ય શ્રી વિજયોદયસૂરિ છે.[1]

**દંડકનો ઉલ્લેખ અને એની સંખ્યા**—ઉપર્યુક્ત દંડગ-પયરણની પહેલી ગાથામાં 'દંડગ' શબ્દ વપરાયો છે અને એની બીજી ગાથામાં ૨૪ દંડકોનાં નામ દર્શાવાયાં છે. આ ઉપરથી બે પ્રશ્ન ઉદ્ભવે છે.

(૧) 'દંડગ' શબ્દ પહેલવહેલો ક્યાં વપરાયો છે?

(૨) દંડગની સંખ્યા ચોવીસની કોણે નિયત કરી?

જૈન સાહિત્યની દૃષ્ટિએ આદ્ય સ્થાન ભોગવનાર આગમોમાં 'દંડગ' (દંડય) શબ્દ મળે છે એટલું જ નહિ પણ એની સાથે સાથે એની સંખ્યાને લગતો ઉલ્લેખ પણ જોવાય છે. દા. ત. ઠાણ નામના

૧ વિશેષ માહિતિ માટે જુઓ મારો લેખ **સંગહણી (સંગ્રહણી)**. આમાં જે વિવિધ સંગહણી ગણાવાઇ છે તેમાં **પંચનિગ્ગંઠસંગહણી** ઉમેરાવી ઘટે.

---

છો. રૂપ, રસ, ગંધ, વર્ણ, સંસ્થાન આદિ પુદ્ગલ દ્રવ્યના કોઇ પણ પર્યાયનો આપને રંચ માત્ર પણ સંશ્લેષ નથી; તેથી આપ પોતાના જ્ઞાન-જન્ય આનંદમાં સદા લીન છો, તદરૂપ છો; માટે આપનું અવલંબન ધારણ કરું છું કારણ કે જેમ કાષ્ઠના અવલંબને લોઢું જલમાં તરી જાય તેમ હું આપના અવલંબને આ ભયંકર ભવાર્ણવમાંથી તરી, દેવમાં ચંદ્રમા સમાન શુદ્ધ સિદ્ધ પરમાત્મ અવસ્થાને પ્રાપ્ત થઇશ. (૯-૧૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા અંગ( ઠા. ૧ સુત્ત ૫૧ )માં આ ત્રણ વાર વપરાયેલ છે. પ્રસ્તુત પંક્તિઓ નીચે મુજબ છે:—

" एगा नेरइयाणं वग्गणा, एगा असुरकुमाराणं वग्गणा, चउवीसदंडओ जाव वेमाणियाणं वग्गणा।"

"एवं चउवीसदंडओ भाणियव्वो।"

"जस्स जति लेसाओ एए अट्ठ चउवीसदंडया।"

ચોવીસ દંડકો પ્રમાણેનું નિરૂપણ **વિયાહપણ્ણત્તિ** નામના પાંચમા અંગમાં તેમજ **પણ્ણવણા** નામના ચોથા અંગમાં વિસ્તારથી જોવાય છે.[1] પણ્ણવણાના ૩૬ મા-છેલ્લા પય( પદ )માં **ચઉવીસા દંડગા** એવો પાઠ છે. આમ અહીં 'દંડગ' શબ્દ પણ છે અને એની ચોવીસની સંખ્યા પણ દર્શાવાઇ છે.

**અર્થ**—દંડગ( સં. દંડક )નો અર્થ શો છે એ પ્રશ્ન હવે વિચારીશું.

ઠાણ( સુ. ૫૧ )ની ટીકા( પત્ર ૨૮ આ )માં અભયદેવસૂરિએ નીચે મુજબની પંક્તિદ્વારા દંડકનો અર્થ ' વાકય-પદ્ધતિ ' કર્યો છે:—

" 'चउवीसदंडउ' त्ति चतुर्विंशतिपदप्रतिबद्धो दण्डको वाक्यपद्धतिश्चतुर्विंशतिदण्डकः"

દંડગપયરણ ( ગા. ૨ ) ઉપરની રૂપચન્દ્રકૃત વૃત્તિમાં આ સંબંધમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"अथ 'दण्डक' शब्देन किमुच्यते तदाह–तज्जातीयसमूहप्रतिपादकत्वं ज्ञेयमित्यर्थः।"

અર્થાત્ ' દંડક ' શબ્દથી તે જાતના સમુદાયનું પ્રતિપાદન જાણવું એટલે કે તે તે જીવોના સમૂહનું ગ્રહણ કરવું.

**દંડગપયરણના** વિસ્તરાર્થ ( પૃ. ૧૦–૧૧ ) માં શ્રીવિજયોદયસૂરિએ કહ્યું છે કે " જેને વિષે જીવ સ્વકૃત કર્મનો દંડ પામે તે ' દંડક ' કહેવાય. "

આના ઉપર ટિપ્પણરૂપે નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે:—

" એકાર્થક સરખો પાઠ જેની અંદર આવે તે દંડક કહેવાય છે. જેમ '**उख–नख–णख–वख–मख इत्यादि गतौ**' એ દંડક ધાતુ કહેવાય છે.

આ પ્રમાણે જે અહીં 'દંડક-ધાતુ' એવો પ્રયોગ કરાયો છે તે માટે કોઈ આધાર સૂચવાયો નથી તો તેમ કરવા તેઓ કૃપા કરશે ?

'દંડક' છંદ–સંસ્કૃતમાં જાતજાતના છંદ છે. એમાંના એકનું નામ દંડક[2] છે. એમાં ૨૭ થી માંડીને ૯૯૯ સુધીના અક્ષરો હોય છે. આ પૈકી પહેલા ૭ અક્ષર હ્રસ્વ હોવા જોઇએ એટલે કે એ નગણ જોઇએ અને ત્યારપછીના ત્રણ ત્રણ અક્ષરોવાળો દરેક સમુદાય રગણ, યગણ કે સગણ હોવો જોઇએ. **શોભન-સ્તુતિનો** શ્લો. ૯૩ તેમજ **ઐન્દ્ર-સ્તુતિનો** શ્લો. ૯૩ એ અર્ણવ-દંડકમાં છે. **માલતીમાધવ**( અંક ૫ ) માં 'સંગ્રામ'-દંડકમાં પદ્ય છે. મુનિસુન્દરસૂરિકૃત [3]**શ્રીવર્ધમાનજિન-સ્તુતિ** 'ગગન' દંડકમાં છે. કોઇકે રચેલી **સાધારણ[4] જિન સ્તુતિ** 'ઉદ્દામ'-દંડકમાં છે. વિજયદાનસૂરિના શિષ્ય સકલચન્દ્રે જે **પાર્શ્વજિન સ્તવન** ૩૦ પદ્યોમાં વિવિધ છંદમાં રચ્યું છે તેમાં ૨૩ મું પદ્ય દંડકમાં છે. આ સ્તવન **જૈન સ્તોત્રસમુચ્ચય** ( પૃ. ૫૭–૬૯ )માં છપાયું છે.

૧ અભયદેવસૂરિએ **વિયાહ૦** ( સ. ૧, ઉ. ૧; સુત્ત ૧૫ )ની ટીકા ( પત્ર ૨૮ આ )માં 'ચતુર્વિંશતિ-દંડક' એવો પ્રયોગ કર્યો છે.

૨ વિશેષ માહિતી માટે જુઓ શોભન મુનીશ્વરકૃત **સ્તુતિચતુર્વિંશતિકા**( શ્લો. ૯૩ )નું મારું સ્પષ્ટીકરણ (પૃ. ૨૮૭-૨૮૮).

૩ આ **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની સંસ્કૃતભૂમિકા ( પૃ. ૧૧૨-૧૧૩ )માં મેં આપી છે.

૪ આ માટે જુઓ ઉપર્યુક્ત ભૂમિકા ( પૃ. ૧૧૩-૧૧૪ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રાચીન ગુજરાતી છંદો[એક ઐતિહાસિક સમાલોચના]** માં પૃ. ૭૬-૭૭ માં આ પુસ્તકના પ્રણેતા શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'દંડક' અને 'જાતિ-દંડક' વિષે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે.

"આપણે ષોડશી રચનાથી પ્રારંભ કરી બત્રીશી રચના સુધી આવ્યા. આથી લાંબી રચનાઓ આવે છે, તેને આપણે સંસ્કૃત વૃત્તોના દંડકને અનુસરીને જાતિદંડકો કહીશું. છંદઃપ્રભાકર પણ એને માત્રિક દંડક જ કહે છે. મહાપુરાણુમાં બે ત્રણ જગાએ તે વપરાયા છે. તેની પંક્તિઓમાં દાદાનાં આવર્તનો આવે છે અને એ આવર્તનોની સંખ્યા પણ દરેક પંક્તિમાં એક સરખી હોતી નથી...મહાપુરાણુમાં ૧૪-૨, ૨૦-૫, વગેરેમાં તે વપરાયેલી છે."

સંસ્કૃતનો દંડક છંદ ગુજરાતી કટાવનું[1] સ્મરણ કરાવે છે.

**રૂચિત-દંડક-સ્તુતિ**—આને **દંડક-સ્તુતિ** તેમજ **અદ્‌ભુતદંડકસ્તુતિ** પણ કહે છે. એના કર્તા 'ખરતર' ગચ્છના જિનેશ્વરસૂરિ છે. આની એક હાથપોથી ભાંડારકર પ્રાચ્ય વિદ્યાસંશોધન મંદિરમાં છે. એમાં આ કૃતિ ઉપરની પુણ્યસાગરના શિષ્ય મહારાજે વિ. સં. ૧૬૨૪માં જે ટીકા રચી છે તે પણ છે. આનો પરિચય મેં "જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચિપત્ર"માં પંદરેક વર્ષ પર આપ્યો છે પરંતુ એને લગતો વિભાગ ક્યારે છપાશે તે કહેવાય તેમ નથી.

[2]**દંડક-સ્તુતિ**-જ્ઞાનવિજયના શિષ્ય માનવિજયે વિ. સં. ૧૭૦૯માં **વીર**ને ઉદ્દેશીને આ કૃતિ રચી છે. એક અજ્ઞાતકર્તૃક **દંડક-સ્તુતિ** પણ છે અને એના ઉપર કોઈકની ટીકા છે.

**દંડક**-અમૃતસાગરગણિએ વિ. સં. ૧૭૦૭માં ૩૮ ગાથામાં આ કૃતિ રચ્યાનો ઉલ્લેખ **જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૧૬૬ )માં છે. અહીં એક અજ્ઞાતકર્તૃક દંડકની નોંધ લેવાઇ છે. સાથે સાથે એના ઉપર સમયસુંદરની તેમજ રૂપચન્દ્રની ટીકા તેમજ કોઇકની અવચૂરિ હોવાનો ઉલ્લેખ છે. આ અજ્ઞાતકર્તૃક કૃતિ તે કઈ? ગજસારે જે **દંડગપગરણ** રચ્યું છે તેમાં તો ૪૪ ગાથા છે એટલે એનાથી તો આ ભિન્ન જ હોવી જોઇએ.

**જિનરત્નકોશ**( ભા. ૧, પૃ. ૩૫૨ )માં ઉપર્યુક્ત ગજસારની કૃતિને **વિચારષટ્‌ત્રિંશિકા** કહી છે અને એમાં ૪૦ ગાથા, નહિ કે ચુમ્માલીસ ગાથા હોવાનો ઉલ્લેખ છે. આ ગાથાનો અંક ભ્રાંત લાગે છે. એના ઉપર રૂપચન્દની ટીકાનો નિર્દેશ કરતી વેળા એમને ભાનુચન્દ્રના શિષ્ય, નહિ કે પ્રશિષ્ય કહ્યા છે. ઇશ્વરાચાર્યે પણ ગજસારની આ કૃતિ ઉપર[3] ટીકા રચ્યાનો અહીં ઉલ્લેખ છે.

**ગણુના-દંડગપયરણ**( ગા. ૨ )માં ૨૪ દંડકો ગણાવાયા છે ખરા પરંતુ આ સંબંધમાં ઠાણ( સુત્ત ૫૧ )ની અભયદેવસૂરિકૃત ટીકા( પત્ર ૨૯ અ )ગત નીચે મુજબનું અવતરણ એ કરતાં પાંચેક સૈકા જેટલું તો પ્રાચીન હોઈ એ હું રજૂ કરું છું:-

**"नेरइया १ असुरादी १० पुढवाइ ५ बेइंदियादयो चेव ४।**

**नर १ वंतर १ जोतिसिय १ वेमाणी १ दंडओ एवं ॥"**

આમ અહીં નૈરયિકનો એક, ભવનપતિના અસુરકુમાર ઇત્યાદિ દસ ભેદના દસ, પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિકાય એમ પાંચ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય તેમજ પંચેન્દ્રિય તિર્યંચના ચાર તેમજ મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક

---

૧ ગોવર્ધનરામે વર્ષાના વર્ણનરૂપ કાવ્યમાં 'કટાવ' છંદ વાપર્યો છે. એમની પહેલા નર્મદે વાપર્યો છે ખરો પણ ગોવર્ધનરામને આમાં અનન્ય સિદ્ધિ મળી છે.

૨ જુઓ **જિનરત્નકોશ** (ભા. ૧, પૃ. ૧૬૬).

૩ આની એક હાથપોથી વિ. સં. ૧૬૫૪માં લખાયેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રત્યેકનો એકેક દંડક એમ ૨૪ દંડકો છે.

અહીં બે પ્રશ્ન ઉદ્‌ભવે છે:–

(૧) ભવનપતિના દસ દંડકો ગણાવાયા છે તો નૈરયિકોના સાત અને વ્યંતરના અને જ્યોતિષ્કના એમના ભેદોની સંખ્યા જેટલા દંડક કેમ ગણાવાયા નથી?

(૨) સંમૂચ્છિંમ તિર્યંચ અને સંમૂચ્છિંમ મનુષ્યનો એકેક દંડક દંડગપયરણુમાં કેમ ગણાવાયો નથી?

પ્રથમ પ્રશ્નના બે ઉત્તરો ઉપર્યુક્ત ટિપ્પણ (પૃ. ૧૦)માં અપાયા છે:–

(૧) "પ્રાયઃ સાતે નરકમાં સરખા પાઠ આલાવા '**नेरइया**' શબ્દે કરી સિદ્ધાંતોમાં ઘણું કરી દેખાય છે, માટે તે એક દંડક જાણવો અને દશ ભવનપતિઓમાં ઘણું કરી '**असुरकुमारा, जाव थणियकुमारा**' ઇત્યાદિ શબ્દોવડે અલગ અલગ આલાવાઓ સૂચવ્યા છે. માટે તે દશ દંડકો સમજાય છે. તે જ રીતે એકેન્દ્રિયના અધિકારમાં ઘણે ભાગે **पुढविकाइया** ઇત્યાદિ શબ્દવડે અલગ અલગ આલાવાઓ જોવાય છે માટે તેના પાંચ દંડકો અલગ જણાય છે."

(૨) રત્નપ્રભા તથા શર્કરાપ્રભા એ બે નરકોની વચ્ચે એના આધારરૂપ ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશનું અંતર છે ખરૂં પણ અસુરકુમાર અને નાગકુમારના આવાસોની વચ્ચે જેમ નરકના પ્રસ્તર(પાથડા)નું અને નારકી જીવોનું અંતર છે તેવું કોઇ અંતર તેવી જ રીતે સાત નરકો પૈકી એક બીજાની વચ્ચે નથી. આને લઇને સાતે નરકના નારકી ભવો અવ્યવહિત ગણાય છે અને એથી એ તમામનો એક દંડક ગણાય છે. ભવનપતિના અસુરકુમારાદિ દસ પૈકી એક બીજાની વચ્ચે નરકના પ્રસ્તારનું અંતર છે એ દસેના અલગ અલગ દંડક ગણાય છે. વ્યંતરોમાં તેમજ વૈમાનિકોમાં અનેક ભેદ છે, પરંતુ એકબીજા વચ્ચે અંતર નથી. એથી વ્યંતરોનો એક દંડક અને વૈમાનિકનો પણ એક જ ગણાય છે.

૨૪ દંડક ગણાવનારા અવતરણમાં 'નર' એમ લખ્યું છે, નહિ કે ગર્ભજ એટલે એને અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. **દંડગપયરણ**(ગા. ૨).[1] માં ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એમ ગણના કરાઇ છે એટલે અહીં પ્રશ્ન સ્થાને છે. એનો ઉત્તર શ્રીવિજયોદયસૂરિએ એ આપ્યો છે કે "સંમૂચ્છિંમ તિર્યંચ તથા સંમૂચ્છિંમ મનુષ્યને કંઇક વખત તિર્યંચ તથા મનુષ્યના દંડકમાં અંતર્ગત કરેલ છે." (પૃ. ૧૦)

**શક્રસ્તવાદિ દંડક—**

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્ર (પ્ર. ૩, શ્લો. ૧૨૪)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં કેટલાંક સૂત્રને અંગે 'દંડક' શબ્દ વાપર્યો છે. જેમકે

**शक्रस्तवादिभिर्दण्डकैः** । (પત્ર ૨૧૨ અ) અને **प्रणिपातदण्डकसूत्रं** (પત્ર ૨૧૬ અ).

પહેલા ઉલ્લેખથી એ વાત સ્પષ્ટ થાય છે કે **શક્રસ્તવ** તેમજ બીજાં કેટલાંક સૂત્રો 'દંડક' કહેવાય છે.

૨૧૬ અ પત્ર માં પાંચ પ્રકારનાં પ્રણામનું નિરૂપણ કરતી વેળા 'સ્તવદંડક' એવો પ્રયોગ કર્યો છે અને આ નિરૂપણના સમર્થનાર્થે એક ગાથા અવતરણરૂપે આપી છે. આ ગાથામાંનો પૂર્વાર્ધ હું અહીં નોંધું છું, કેમકે એમાં 'દંડગ' શબ્દ છે—

**नवकारेण जहन्ना दंडगथुइजुगल मज्झिमा णेया।**

---

[1] "**नेरइया असुराई पुढवाइ बेंदियाइओ चेव । गब्भयतियमणुस्सा वंतर जोइसिय वेमाणी ॥**"

અહીં 'બેંદિયાદયાથ'થી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય એમ ત્રણ જ દંડક ગણાવાયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરામાં** 'પ્રણિપાત[1] દંડક' એવો ઉલ્લેખ છે.

સામાયિક લેવાની વિધિમાં "સામાયિક-દંડક ઉચ્ચારાવોજી" એમ બોલાય છે. આથી સામાયિક સૂત્રને પણ 'દંડક' સંજ્ઞાવડે નિર્દેશાય છે એ વાત ફલિત થાય છે. એવી રીતે 'પોસહ-દંડગ' નો પ્રયોગ જોવાય છે.

**'દંડગાંત' કૃતિઓ**-ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં સરકારી માલિકીની જે લગભગ ૨૫૦૦૦ હાથપોથીઓ છે તેમાં જૈન દર્શન અને સાહિત્યની લગભગ ૫૦૦૦ છે. એમાંની એક તાડપત્રીય પોથીમાં અનેક નાની મોટી કૃતિઓ છે. પહેલી કૃતિ **'અરિહણા' સ્તોત્ર** છે. આ પોથીમાં **ગોયમવણ્ણણાદંડગ** નામની એક ગદ્યાત્મક લઘુ કૃતિ અદ્ધમાગહીમાં છે. એ વિનયમૂર્તિ ગૌતમસ્વામીના વર્ણનરૂપ છે અને એ આગમમાંથી ઉદ્ધૃત કરાયેલી જણાય છે. આમ એ ભલે સ્વતંત્ર કૃતિ ન હોય છતાં અહીં જે 'દંડગ' શબ્દ વપરાયો છે તેની નોંધ લેવા માટે એ ઉપયોગી છે. આ પોથીમાં **વીસઠાણગાઇતવદંડગ** (વિંશતિસ્થાનકાદિ તપો દંડક) નામની પણ એક નાનકડી કૃતિ છે. એવી રીતે સમ્મત્તદંડગની પણ એક લઘુ કૃતિ છે. આ ત્રણે કૃતિઓ વિષે મેં **જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચિપત્ર**(ભા. ૪)માં નિર્દેશ કર્યો છે.

**દિગંબરીય પ્રયોગ**-દિગંબરો પણ 'ચોવીસ દંડક' એવો પ્રયોગ કરે છે, પરંતુ એ માટે એમની પાસે પ્રાચીનમાં પ્રાચીન શો આધાર છે તે જાણવું બાકી રહે છે. વળી એમની કોઇ વિશ્વસનીય કૃતિમાં 'દંડક' નો અર્થ અને એની સંખ્યા દર્શાવાયેલ છે તે વિષે પણ કોઇ વિશેષજ્ઞ સપ્રમાણ પ્રકાશ પાડશે તો આનંદ થશે.

**મહાદંડઅ**-પણ્ણવણાના ત્રીજા પયની શરૂઆતમાં એમાં વર્ણવવામાં આવનારાં ૨૭ દ્વારોનાં નામને રજૂ કરતી બે સંગ્રહ-ગાથા છે. તેમાં બીજી ગાથાના અંતમાં ૨૭ મા દ્વાર તરીકે 'મહાદંડય' શબ્દ વપરાયો છે. આ પયના ૨૭ મા દ્વારનું નિરૂપણ કરતી વેળા 'મહાદંડય' એવો પ્રયોગ કરાયો છે.

અભયદેવસૂરિએ જે **પણ્ણવણા-તઇય-પય-સંગહણી** રચી છે તેમાં પ્રારંભમાં ઉપર્યુક્ત બે સંગ્રહ-ગાથા આપી છે. વિશેષમાં ૧૧૪ મી ગાથામાં એમણે 'મહાદંડય' એવો નિર્દેશ કર્યો છે.

આ પ્રમાણે અવકાશ અને અનુકૂળતા અનુસાર મેં "દંડગ (દંડક)" વિષે સામાન્ય પરિચયરૂપે આ લઘુ લેખ લખ્યો છે. એમાં જે કોઇ વિશેષ જાણવા જેવી હકીકત રહી જતી હોય તે વિશેષજ્ઞોને સૂચવવા મારી વિજ્ઞપ્તિ છે.

૧ જુઓ ઋ૦ કે. શ્વેતાંબર સંસ્થા (રતલામ) તરફથી ઇ. સ. ૧૯૩૪ માં છપાએલી આવૃત્તિ (પત્ર ૩). પત્ર ૩૧માં "પ્રણિપાતદંડક સૂત્ર" એવો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## તીર્થધામમાં આચાર્યોનું મિલન.

સૂરિસમ્રાટ્ આચાર્યવર્ય ૧૦૦૮ શ્રીમદ્ **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી મ. આ૦ શ્રી **વિજયઉદયસૂરિજી મ.** અને આ૦ શ્રી **વિજયનંદનસૂરિજી**મહારાજ આદિ શિષ્યપરિવાર સહિત વઢવાણ કેંપ–સુરેન્દ્રનગરથી વિહાર કરી ફા. સુ. પ્રતિપદાએ શ્રીશંખેશ્વરજી તીર્થની યાત્રાએ પધાર્યા હતા.

આ તરફથી પંજાબકેશરી આ૦ શ્રી**વિજયવલ્લભસૂરિજી**મહારાજ આ૦શ્રી**વિજયકસ્તૂરસૂરિજી** મ. અને પં૦ **સમુદ્રવિજયજી** આદિ પરિવાર પાલણપુરથી વિહાર કરી ફા. સુ. છઠ્ઠે શ્રી શંખેશ્વરજી પધાર્યા.

શેઠ સકરચંદ મોતિલાલ મૂળજી આ પ્રસંગે મુંબઈથી રાધનપુર આવી ત્યાંથી સ્વયંસેવક બેન્ડ મંગાવી સૂરિજીનું સમારોહપૂર્વક સામૈયું કર્યું હતું. પંજાબ, મારવાડ વગેરે આદિ પ્રાન્તોથી પધારેલા ભકતજનો દૂર સુધી સામે ગયા હતા તેમજ સૂરિસમ્રાટનો સાધુ સમુદાય અને આ૦ મ૦ વિજયનીતિસૂરિજી મહારાજનો સાધુ સમુદાય આદિ પધારી શાસનની શોભા વધારી સૂરિજી મહારાજ આદિ સમુદાય **શંખેશ્વરપાર્શ્વનાથજી**ના દર્શન કરી આનંદિત થયો. દર્શન વગેરે વિધિ કરી મંડપમાં પધારી આચાર્યશ્રીજીએ તીર્થોન્નતિ વિષયે પ્રભાવશાલી દેશના આપી.

બપોરે શેઠ સકરચંદભાઈના તરફથી આચાર્યશ્રીરચિત બ્રહ્મચર્ય પૂજા ઘણા જ ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. મુંબઈવાળા ગવૈયા ચીમનલાલ સંઘવીએ એક તો બ્રહ્મચર્યની સુંદરમાં સુંદર પૂજા ગવૈયા તેમજ પૂજામાં ઉભય સમુદાયના આચાર્યો એકત્ર થયેલ હોવાથી વાતાવરણ ઉલ્લાસમય લાગતું હતું.

ફા. સુ. પ્રથમ સાતમે સવારના તમામ આચાર્ય મહારાજો શ્રી વિજયદર્શનસૂરિ, શ્રી વિજયોદયસૂરિ, શ્રી વિજયનંદસૂરિ અને શ્રી વલ્લભસૂરીશ્વરજી, વિજયકસ્તૂરસૂરિ અને પં. શ્રી સમુદ્રવિજયજી આદિ સાથે બિરાજ્યા અને સમાજના આધુનિક પરિસ્થિતિમાં આપણું કર્ત્તવ્ય અને ઉન્નતિ તે વિષયે પરસ્પર વાર્તાલાપ કરવામાં આવ્યો. પછી મંડપમાં વ્યાખ્યાન સંક્રાન્તી ઉપર પ્રથમ આ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે સ્તોત્રો સંભળાવી ચૈત્રની સંક્રાન્તિનું નામ સંભળાવ્યું. સંક્રાન્તિનું નામ સંભળાવવાનું કારણ વિગેરે બાબતો ઉપર સુંદર પ્રકાશ નાંખ્યો હતો અને આ માસમાં આવતા કલ્યાણકો આદિની યાદી સંભળાવી શ્રેષ્ઠ ધર્મસાધન કરવા સૂચવ્યું. અને વિશેષમાં આચાર્યશ્રીજીએ જણાવ્યું કે–અમારા ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિવિજયજી ( બૂટેરાયજી ) મહારાજના અમો વારસદારો આજે સંક્રાન્તીના દિવસે એકત્ર થયા છીયે તે ખરેખર પરમ હર્ષનો પ્રસંગ છે. આ રીતે સાંપડેલ આ સુઅવસરનું મહત્ત્વ સમજી એક જ ગુરુદેવના વારસદાર તરીકે શાસન–ધર્મની ઉન્નતિના સુકાર્યો કરવાની પ્રેરણા અમો મેળવીએ અને ઐકયના માર્ગે આગળ વધી શાસનની વધુમાં વધુ સેવા બજાવવા ભાગ્યશાળી થઈએ એમાં અમારી અને શાસનની શોભા છે.

શ્રી બૂટેરાયજી મહારાજના સુપ્રસિદ્ધ શ્રી મુક્તિવિજય( મૂલચંદ )જી ગણિ, શ્રી વૃદ્ધિવિજય( વૃદ્ધિચંદ )જી મહારાજ અને શ્રી વિજયાનંદસૂરિ( આત્મારામ )જી મહારાજ આ ત્રણે શિષ્યો–પ્રભાવશાળી અને પંજાબી હતા તેમજ બૂટેરાયજી પણ પંજાબના હતા આ ત્રણેય મહાપુરુષોનો પરિવાર વર્તમાનમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એમાં વિદ્વાન શાસન પ્રભાવક અને વ્યાખ્યાતાઓ છે ઈત્યાદિ સમયોચિત વિવેચન કર્યું.

આચાર્યશ્રી વિજયનંદનસૂરિજી મહારાજે જૈન સમાજમાં જે છિન્ન-ભિન્નતા છે તે દૂર કરી એકમેક થઇ શાસનની સેવા કરવા માટે ભાવભીની ભાષામાં પ્રવચન આપ્યું અને વિશેષમાં જણાવ્યું કે-ગુરુદેવો પંજાબના જેથી પંજાબનું અમારા ઉપર ઘણું ઋણ છે, આપ વિજયવલ્લભસૂરિજી મહારાજ આપે પંજાબમાં વિચરી અમારા બધાનું ઋણ અદા કરી રહ્યા છે તે ઘણી જ ખુશીની વાત છે.

આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી મહારાજે સમયોચિત બોલતાં જણાવ્યું કે-આજે જ્યારે જૈન સમાજ અને જૈનધર્મના રક્ષણ માટે બહારના આવરણો સામે અંદરઅંદરના મતભેદો ભૂલીને ઐકયતા સાધી ઊભા રહેવાની જરૂરત છે તે વખતે વિતંડાવાદો છોડી દેવા જોઇએ. અને આજે થઇ રહેલા કાયદાઓથી જૈનધર્મને હાનિ પહોંચે તેવા તત્ત્વો હોય તો તેનો સામનો કરવો જોઇએ. આદિ. બપોરના આચાર્યશ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ, આચાર્યશ્રી વિજય ઉદયસૂરિજી, આ. શ્રી વિજયાનંદજીસૂરિજી મ. આદિ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી પાસે પધાર્યા હતા અને સર્વેએ શાસનોન્નતિ માટે ખુલ્લા દિલે ચર્ચા કરી હતી.

શ્રીમદ્ બુટેરાયજી મહારાજનો સમથ સમુદાય આવી રીતે એકમેક થાય તો જૈનશાસન માટે ઘણું કરી શકે તેમ સૌ ઇચ્છતા હતા.

બપોરના પંજાબીભાઇઓ તરફથી આચાર્યશ્રી-રચિત સમ્યગ્જ્ઞાન પૂજા ગવૈયા ચીમનલાલે ભણાવી હતી અને રાતના ભાવના રાખવામાં આવેલ.

દૂરદૂર પ્રદેશો ઉપરાંત અમદાવાદ, મુંબઇ, સૂરત, પાટણ, પાલણપુર, રાધનપુર, પંચાસરા વગેરે આસપાસના ગામોનું માણસ સારા પ્રમાણમાં આવેલું હોવાથી મેળા જેવું બન્યું હતું. રાધનપુરના શ્રી સંઘે આચાર્યશ્રીજીને પોતાને ત્યાં પધારવા અત્યાગ્રહપૂર્વક વિનંતી કરી હતી.

આમ સુયોગ્ય મિલન બાદ બીજી સાતમે આ. શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ આદિ હારિજ તરફ અને આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ આદિ આદિ આદરીયાણા તરફ વિહાર કરી ગયા.

સેંકડો માણસ આચાર્યશ્રીજીને દૂરદૂર સુધી વળાવવા ગયા હતા, પંજાબ અને પાલણપુરના કેટલાક બક્ષી કીર્તિલાલ આદિ ભાઇ બ્હેનો વગેરે નવ માઇલ પગે ચાલી આદરીયાણા સુધી ગયા હતા.

ઝીંઝુવાડા પધારતાં શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કર્યું અને ઝીંઝુવાડા શ્રી સંઘે આચાર્યશ્રીજીને ત્રણ ચાર દિવસની સ્થિરતા કરવા માટે અત્યાગ્રહભરી વિનંતી કરી. સમય ન હોવા છતાં પહેલાના પોતાના ગુરૂભ્રાતા આચાર્ય શ્રી વિજયદાનસૂરિજી મહારાજની જન્મભૂમી હોવાથી તેઓશ્રીજીએ એક દિવસની વધુ સ્થિરતા કરી પ્રભાવશાલી વ્યાખ્યાનોનો લાભ આપ્યો હતો.

અહીં પ્રજ્ઞાચક્ષુ માસ્તર સુખલાલજીએ બન્ને દિવસોના વ્યાખ્યાનનો સાર ગહૂંલીમાં ગુંથી સભાજનોને સંભળાવ્યો.

અત્રેથી વિહાર કરી ઓડુ, પાટડી થઇ ઉપરીયાલા પધાર્યા. સામૈયું આદિ થયું.

અહીં વીરમગામના ભાઈઓ આવ્યા. પાટડીના સંઘે પૂજા ભણાવી, ધ્રાંગધ્રાના રહીશ શેઠ પુરૂષોત્તમ સુરચંદે સાધાર્મિક ભાઈઓની ભક્તિ કરી. અત્રેથી બજાણા, દેહગામ, ધરમઠ, ગામા પધાર્યા. દરેક ગામમાં સામૈયું આદિ થતાં તેમજ આચાર્યશ્રીજી અને પંન્યાસ સમુદ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયજીના પ્રવચનો થતાં તેમજ શેઠ પુરૂષોત્તમભાઈના તરફથી પ્રભાવનાઓ થતી હતી. બજાણામાં જૈન પાઠશાળા માટે શેઠ પુરૂષોત્તમભાઈએ પાંચ વર્ષ અને રૂગનાથભાઈએ બે વર્ષ માટે દર વર્ષના દોઢસોના હિસાબે મદદ આપી પાઠશાળાને ચાલુ રાખવાની સૂચના કરી.

દેહગામમાં ઉપાશ્રય માટે શેઠ પુરૂષોત્તમભાઈએ પાંચસો આપ્યા હતા.

ધરમઠમાં પાલીતાણા તરફથી પધારતા આચાર્ય શ્રી વિજયહર્ષસૂરિજી મહારાજનો અચાનક મેળાપ થયો. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી પાસે ઉક્ત આચાર્યશ્રીજીએ પધારી શાસનોન્નતિની વાતો કરી.

ગામામાં પહેલાં ચાર ઘર હતાં પણ તે વેપાર માટે ધ્રાંગધ્રા ચાલ્યા ગયા હોવાથી દહેરાસરની ઉપાશ્રય અને કબુતરોના ચણ માટે ત્યાંના ભાઇ અને શેઠ પુરુષોત્તમભાઇ તથા રૂગનાથભાઈ આદિએ દશ વર્ષને માટે પ્રબંધ કર્યો. આચાર્યશ્રી ફા. વ. બીજે ધામધુમપૂર્વક ધ્રાંગધ્રા પધાર્યા. શેઠ પુરુષોત્તમ સુરચંદે સામૈયું કર્યું. સામૈયામાં બધા ગચ્છો ઉપરાંત સ્થાનકવાસી સદ્‌ગૃહસ્થો પણ સંમિલિત થયા હતા.

ઢેબરીયા ગચ્છના ઉપાશ્રયમાં પધાર્યા બાદ પહેલાં સ્વાગત ગીત થયા બાદ મુનિશ્રી જનકવિજયજીએ અને સમય ઘણો થઇ જવાથી આચાર્યશ્રીજીએ સંક્ષિપ્તમાં માંગલિક સંભળાવ્યું હતું. બપોરે શેઠજીના તરફથી બ્રહ્મચર્ય વ્રતની પૂજા ભણાવવામાં આવી હતી.

અત્રે ૬, ૭, દિવસની સ્થિરતા દરમ્યાન આચાર્ય મહારાજના વ્યાખ્યાનનો લાભ ઘણાએ લીધો હતો. ફા. વ. ૯ બુધવારે શેઠ પુરુષોત્તમદાસ સુરચંદે પોતાના મકાનમાં શ્રીનવપદ પૂજા ભણાવી પ્રભાવના કરી.

અત્રે ચાતુર્માસ કરવા સારૂ વિનંતી થઇ રહી છે. વઢવાણ કેમ્પ અને શહેરના આગેવાનો વિનંતી કરવા આવ્યા હતાં.

અત્રેથી આચાર્યશ્રીજી આદિ વિહાર કરી વઢવાણ આદિ થઇ ચૈત્રશુદિમાં પાલીતાણા પધારશે એવી વકી છે.

આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજી મહારાજ સપરિવાર ચૈત્ર વદી ૪ ના રોજ બોટાદ મુકામે પધાર્યા હતા. સંક્રાન્તિ પર્વનો મહિમા સાતમને બદલે હવે પાલીતાણા મુકામે ઉપદેશ દ્વારા જણાવશે. ચૈત્ર શુદ ૧૦ ના રોજ પાલીતાણા સ્ટેશન ઉપર જૈન ગુરૂકુળમાં પધારવે તે દિવસે સાતસેંહ જૈન બંધુઓ પંજાબથી સ્પેશયલ દ્વારા પાલીતાણા આવશે. શ્રી વીર ગુરૂકુળમાં બિરાજી શુદ ૧૨ ના બુધવારે મોટા ઠાઠ માઠ સાથે સામૈયું થશે અને પાલીતાણા શહેરમાં પ્રવેશ કરશે.

---

## શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તિ.

પરમ પૂજ્ય ગુરૂદેવ, પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજ્યાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જન્મ જયન્તિ ચૈત્ર સુદી ૧ તા. ૭–૪–૫૧ શનીવારે રાબેતા મુજબ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ખૂબ ઉત્સાહપૂર્વક ધામધુમથી ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી જૈન આત્માનંદ સભાનાં હોદ્દેદારો, કાર્યવાહક સમિતિનાં સભાસદો, લાઈફમેમ્બરો, ગુરૂદેવનાં ભક્તો તથા સ્ટાફના માણસો પાલીતાણા ખાતે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ દિવસે શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટૂંકમાં જ્યાં આગળ ગુરૂદેવની મૂર્તિ બિરાજમાન છે ત્યાં યથાવિધ પૂજા તથા આંગીથી ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

બપોરે ત્રણુને સુમારે હાજર રહેલા બંધુઓનું પ્રીતિભોજનથી સ્વામી વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. સર્વે 'ગુરૂદેવની જય' નાં જયઘોષો વચ્ચે છૂટા પડ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીયુત્ મોતીચંદ ગિરધરલાલ કાપડિયાનો સ્વર્ગવાસ.

ભાઇશ્રી મોતીચંદ શુમારે ૭૧ વર્ષની વૃદ્ધ વયે તા. ૨૭-૩-૫૧ મંગળવારના સવારના પંચત્વ પામ્યા છે.

ભાઇશ્રી મોતીચંદનો શહેર ભાવનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને વીશાશ્રીમાળી જ્ઞાતિના શેઠ આણંદજી પુરૂષોત્તમના



ખાનદાન કુટુંબમાં તેમનાં પુત્ર શેઠશ્રી ગિરધરભાઈને ત્યાં સંવત ૧૯૩૬ ની સાલમાં જન્મ થયો હતો. આખું કુટુંબ ધર્મશ્રદ્ધાળુ હતું.

શ્રી મોતીચંદભાઇ લઘુવયથી જ શિક્ષણ લેવામાં ઉત્સાહી હતા. પાંત્રીશ વર્ષ પહેલાં તેઓશ્રી બી. એ. એલ.એલ. બી. અને છેવટે સોલીસીટરની પરીક્ષા પસાર કરી ત્યારે તરત જ વકીલાત ધંધો શરૂ કરેલો હતો. દરમ્યાન ભાવનગરમાં આવેલા જે વખતે આ સભા તરફથી રૂપાના કાસ્કેટમાં માનપત્ર આપ્યું હતું. સ્કુલ અને ધાર્મિક બંને શિક્ષણ લઘુવયમાં પ્રાપ્ત કર્યું હતું અને તેમનાં વડીલ કાકા શ્રીયુત્ કુંવરજીભાઇ, પિતાજી ગિરધરભાઇ, અને દાદા શેઠશ્રી આણંદજી પાસેથી ધાર્મિક વારસો મેળવ્યો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના માટે શ્રીમાન્ વિજયવલ્લભસૂરીશ્વરજી જ્યારે મુંબઇમાં બિરાજમાન હતા ત્યારે તેમના પ્રેરણાબળ અને અનુપમ પ્રયાસવડે સ્થાપના કરી ત્યારે જ શ્રી મોતીચંદભાઇએ તે સંસ્થાનું મંત્રીપદ સ્વીકાર્યું, અને તે સંસ્થા તેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું તે ઘણા વર્ષના પ્રયાસવડે પ્રાણવાન બની હતી તેને આદર્શ શિક્ષણ સંસ્થા બનાવી અને તેની શાખારૂપે અમદાવાદ, પુના વગેરે સ્થળોએ ... પુના ખોલી સમગ્ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજને આવશ્યક જે વખતે જરૂરિયાત હતી તે વખતે જ સ્થાપન થઇ અને તેમાં ઉચ્ચ શિક્ષણ લઇ અનેક વિદ્યાર્થીઓ કોઇ ડોકટર, કોઈ ધારાશાસ્ત્રી વગેરે જાતના ઉચ્ચ શિક્ષણ તે સંસ્થા મારફત વિદ્યાર્થીઓને મળવા લાગ્યું, અને હાલ પણ તેવું શિક્ષણ સંસ્થામાં ૨૦૦થી ૩૦૦ વિદ્યાર્થી લેતા હોવાથી ભારતમાં અગત્યનું પ્રથમ સ્થાન ધરાવે છે.

ભાઇશ્રી મોતીચંદને નાની ઉંમરથી જ સંસ્કાર અને ધાર્મિક શિક્ષણ મળેલ હોવાથી ધંધામાં ઘણો જ વ્યવસાય રહેવા છતાં નિરંતર દેવપૂજા, સામાયિક વગેરે આવશ્યક ક્રિયા જીવન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી કરી. નિરંતર સામાયિકમાં સાહિત્ય સેવા કરી અને ઉપમિતિ ભવપ્રપંચ, અધ્યાત્મ કલ્પદ્રુમ વગેરે જેવાના અનુવાદો કરી સમાજ-ઉપયોગી સાહિત્ય પણ સમાજને આપ્યું.

રાષ્ટ્રિય સેવક હોવાથી તે માટે જેલયાત્રા પણ ભોગવી. ત્યાં પણ સાહિત્ય રચ્યું. મુંબઈ કોરપોરેશનનાં સભ્ય થઇ લોકસેવા કરી, કાયદાના સલાહકાર પણ થયા. વળી મુંબઈમાં જાહેર સંસ્થાઓના મેળાવડા વગેરેમાં હાજરી આપી ત્યાં પણ સલાહકાર બની પ્રેરણા પણ કરતા હતા. આખું જીવન સેવા ભાવનાથી જ જીવ્યા. તેમનાં સ્વર્ગવાસથી જૈન સમાજે એક પ્રખર વિદ્વાન, સાહિત્યકાર, શ્રદ્ધાળુ શ્રાવક ખરેખર ગુમાવ્યો છે.

આ સભાના તેઓ ઘણાં વર્ષોથી લાઇફ મેમ્બર હતા તેથી આ સભાને પણ એક વિદ્વાન નરરત્નની ખોટ પડી છે.

તેમનાં પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) થોડા દિવસમાં છપાઇ જશે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, શ્રી સમેત્તશિખર તીર્થના જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો સર્વ ત્રણ કલર, બે કલર વગેરેના આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધારજ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે.

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

**પરમાત્મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. સચિત્ર ( કિંમત રૂા. ૧૩ )**

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, **જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સિલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

### શ્રી માણિક્યચંદ્રદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું. એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભક્તિ ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇંડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં મૂળ સંસ્કૃત ભાષામાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સચિત્ર શ્રી જૈન પાઠશાળા, કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ કરતા બાળક બાળિકાઓ સહેલાઇથી મુખપાઠ ( મ્હોડેથી ) કરી શકે તેવા, સાદા સરલ અને ટુંકા છે. તેનો ગુજરાતીમાં થયેલ અનુવાદ સાથે શુમારે ક્રાઉન બાર ફોર્મ માત્રમાં સમાવેશ થઇ શકે તેવા છે; સાથે ( જિનેન્દ્ર ભગવંતો ) ના ચાર રંગમાં શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ પરમાત્માની નિર્વાણ ભૂમિના ( તીર્થ, પર્વતો કે અન્ય સ્થળો ) ના વિવિધ રંગના ફોટાઓ સાથે આ સભા બહુ જ આકર્ષક સચિત્ર અનુવાદ–ગુજરાતી ભાષાંતર છપાવવા વિચાર ધરાવે છે. આ એક કલાકૃતિના અદ્ભુત નમુનો બનશે. એક હજાર કોપીના શુમારે ત્રણ હજાર રૂપીયા ખર્ચ ( સખ્ત મોંઘવારી હોવાથી થાય તેમ છે. ) આર્થિક સહાય આપનાર જૈન બંધુનો ફોટો, જીવનવૃત્તાંત સાથે આપવામાં આવશે. અમારા લાઇફ મેમ્બરોને ભેટ આપવા ઉપરાંત આર્થિક સહાય-આપનારની ઇચ્છા પ્રમાણે બાકીની તે ચરિત્ર બુકોનો વ્યય કરવામાં આવશે. એક કરતાં વધારે શ્રીમંત જૈનબંધુઓને તે લાભ લેવો હોય તો તેમ પણ સભા ધારા ધોરણ પ્રમાણે સગવડ કરી આપશે.

---

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ   શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only